INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૫-૦૮-૨૦૨૬

## ૮૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે ગુજરાત કોંગ્રેસ પ્રમુખશ્રી અમિત ચાવડાનું આહ્વાન
## બંધારણીય અધિકારો, સ્વતંત્રતા અને ભવિષ્યની રક્ષા માટે નવી આઝાદીની લડાઈ લડીશું

- **આઝાદી વખતના જે સુત્રો હતા, સામંતવાદ સે આઝાદી, જાતિવાદ સે આઝાદી, ગરીબી સે આઝાદી, ભુખમરી સે આઝાદી, બેકારી સે આઝાદી, અન્યાય સે આઝાદી...આજ સુત્રો આજે દિલ્હીના જંતર મંતર ઉપર ગુંજી રહ્યાં છે. : શ્રી અમિત ચાવડા**
- **રાહુલ ગાંધીના નેતૃત્વમાં નવી પેઢીએ નક્કી કરી દીધું છે, અન્યાય સામે હવે ચૂપ નહીં બેસીએ, જ્યાં અન્યાય, અત્યાચાર કે શોષણ થશે ત્યાં કોંગ્રેસ કાર્યકરો સૌથી પહેલો અવાજ બનશે : શ્રી અમિત ચાવડા**
- **ખડગેજીની સભા પછી સ્થળનું શુદ્ધિકરણ કરાવવું એ ભાજપનની જાતિવાદી અને નફરતની માનસિકતાનું જીવંત ઉદાહરણ છે. : શ્રી અમિત ચાવડા**
- **આઝાદીની લડાઈમાં અંગ્રેજોને માફીનામું લખનાર અને સ્વાતંત્ર્ય સેનાનીઓની વિરુધ્ધ અંગ્રેજોને સાથ આપનારના પાઠ્યપુસ્તકોમાં પાઠ ભણાવાઈ રહ્યાં છે : શ્રી અમિત ચાવડા**

આઝાદીના ૮૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજીવ ગાંધી ભવન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પટાંગણમાં ધ્વજવંદન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, રાજીવ ગાંધી ભવન કોંગ્રેસ કાર્યાલયના પટાંગણમાં કોંગ્રેસ પરિવારના તમામ વરિષ્ઠ આગેવાનો, પરિવારના સૌ સાથીઓ અને ઉપસ્થિત સૌના માધ્યમથી દેશના સ્વતંત્ર દિવસની દેશવાસીઓને ખુબ ખુબ શુભેચ્છા આપીએ છીએ.

ગુજરાત એ ગાંધી અને સરદારની પવિત્ર અને ઐતિહાસિક ભૂમિ છે જ્યાથી વર્ષો પહેલા અંગ્રેજોના જોર–જુલમ અને અત્યાચાર અને ગુલામીની સ્થિતી હતી તેની સામે એક મજબુત અવાજ ઉભો થયો હતો અને સાથે સાથે દેશની આઝાદીની લડાઈનું નેતૃત્વ પણ આ સપૂતોએ આપ્યું છે. આપણા વડવાઓ અને સ્વતંત્ર સેનાનીઓએ દેશની આઝાદી માટે વર્ષો સુધી સંઘર્ષ કર્યો. કારાવાસની ચિંતા કર્યા વિના પરવા કર્યા વિના પોતાનું સર્વસ્વ બલિદાન આપીને આપણને મહામુલી આઝાદી અપાવી છે. સ્વાતંત્ર્ય સંગ્રામના શહીદો, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્રનિર્માતાઓને શ્રદ્ધાપૂર્વક યાદ કરી દેશની એકતા, અખંડિતતા, બંધારણ અને નાગરિક અધિકારોની રક્ષા માટે નવી લડાઈનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું.

શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, પંડિત જવાહરલાલ નેહરુ, મૌલાના આઝાદ, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ સહિત અનેક જાણીતા–અજાણ્યા સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાના સર્વસ્વનું બલિદાન આપીને દેશને આઝાદી અપાવી હતી. સ્વાતંત્ર્યની લડાઈનો હેતુ માત્ર અંગ્રેજોના શાસનમાંથી મુક્તિ મેળવવાનો નહોતો, પરંતુ દરેક નાગરિકને પોતાના અધિકારો માટે બોલવાની, વિકાસ કરવાની અને સમાનતા, બંધુતા તથા ભાઈચારાની ભાવના સાથે જીવન જીવવાની સ્વતંત્રતા મળે તે હતો.

સ્વાતંત્ર્ય સેનાનીઓએ જોયેલા ભારતના સ્વપ્નનું સાચું પ્રતિબિંબ દેશના બંધારણમાં જોવા મળે છે. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા એ આપણા બંધારણીય મૂલ્યો છે અને તેની રક્ષા કરવી દરેક નાગરિકની જવાબદારી છે.

આજે સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન ન આપનાર વ્યક્તિઓના નામે ઈતિહાસને ફરીથી લખવાના અને નવી પેઢીને અલગ પ્રકારનું ઈતિહાસ ભણાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ગરીબી, ભૂખમરો, બેકારી, જાતિવાદ, સામંતવાદ, અન્યાય અને ભેદભાવ સામે જે લડાઈ હતી, તેમાંથી અનેક પ્રશ્નો આજે પણ દેશ સામે ઊભા છે. આઝાદીના ૮૦ વર્ષ બાદ પણ જો નવી પેઢીના યુવાનોને એ જ પ્રશ્નો સામે રસ્તા પર ઉતરવું પડે છે, તો આપણે આત્મમંથન કરવાની જરૂર છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેજી જેવા વરિષ્ઠ નેતાની સભા બાદ તેમના કાર્યક્રમના સ્થળના શુદ્ધિકરણના પ્રયાસએ ગોડસે અને આર.એસ.એસ.ની વિચારધારાનું વળવુ ઉદાહરણ છે. દેશમાં આજે પણ જાતિવાદી, નફરત અને વિભાજનની વિચારધારા સામે લડવાની જરૂરિયાત છે. ૧૮૮૫થી કોંગ્રેસે જાતિ, ધર્મ, ભાષા અને પ્રાંતથી ઉપર ઉઠીને તમામ ભારતીયોને એક કરવાની અને દેશની એકતા, અખંડિતતા માટે સંઘર્ષ કરવાની વિરાસત જાળવી છે. કોંગ્રેસની વિચારધારા એ રહી છે કે દેશનો સામાન્ય નાગરિક હોય કે સૌથી શક્તિશાળી વ્યક્તિ, કાયદો અને સરકાર સૌ માટે સમાન હોવા જોઈએ.

આજે બંધારણીય અધિકારો, સ્વતંત્રતા, આર્થિક વ્યવસ્થા, યુવાનોના ભવિષ્ય અને દેશના પડોશી દેશો સાથેના સંબંધો સહિત અનેક મુદ્દાઓ ચિંતાજનક છે. તેમણે કહ્યું કે ગુજરાત ગાંધી અને સરદારની ભૂમિ છે. આ જ ગુજરાતમાંથી અંગ્રેજો સામે સત્યાગ્રહ અને આઝાદીની લડાઈને નવી દિશા મળી હતી અને હવે ગુજરાતના યુવાનો અને કોંગ્રેસ કાર્યકરોએ શિક્ષણ, રોજગાર, ખેડૂતોના પ્રશ્નો, SC, ST, OBC તથા આદિવાસી સમાજના અધિકારો અને દરેક નાગરિકની સમાનતા તથા સ્વતંત્રતા માટે નવી લડાઈ લડવાની છે. જ્યાં પણ અન્યાય થાય, જ્યાં અત્યાચાર થાય, જ્યાં શોષણ થાય કે કોઈના બંધારણીય અધિકારો છીનવાય ત્યાં સૌથી પહેલો અવાજ કોંગ્રેસના કાર્યકરોનો હોવો જોઈએ. દેશમાં ભય અને દબાણનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, પરંતુ રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ અને દેશની નવી Gen Z પેઢી અન્યાય સામે અવાજ ઉઠાવી રહી છે. જ્યાં ખોટું થશે ત્યાં બોલીશું, જ્યાં અન્યાય થશે ત્યાં અવાજ ઉઠાવીશું અને જરૂર પડશે તો એક થઈને રસ્તા પર પણ ઉતરીશું, એવો સંકલ્પ તેમણે વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસ પરિવાર અને ગુજરાત તથા દેશના તમામ નાગરિકોને સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે દેશના દરેક નાગરિકના બંધારણીય અધિકારો, સ્વતંત્રતા અને ભવિષ્યની રક્ષા માટે કોંગ્રેસ કાર્યકરો સતત સંઘર્ષ કરશે. કોઈને ડરાવવામાં, દબાવવામાં કે શોષણ કરવામાં આવશે ત્યારે સૌથી પહેલો અવાજ કોંગ્રેસ ઉઠાવશે અને જરૂર પડશે તો લોકશાહી તથા બંધારણની રક્ષા માટે સૌથી પહેલો પ્રહાર પણ કોંગ્રેસ કાર્યકરો સહન કરશે.

રાજીવ ગાંધી ભવન ખાતેના પટાંગણમાં ધ્વજવંદન પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનશ્રી બાલુભાઈ પટેલ, પૂર્વ સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક, પ્રદેશ ઉપપ્રમુખશ્રી વિજય દવે, શ્રી અશોક પંજાબી, શ્રી પંકજ શાહ, પ્રદેશ મહામંત્રીશ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, ડૉ. હિમાંશુ પટેલ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી પુંજાભાઈ વંશ, શ્રી ગ્યાસુદ્દીન શેખ, પ્રદેશ કોંગ્રેસ મહિલા પ્રમુખશ્રી ગીતાબેન પટેલ, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી સોનલબેન પટેલ, અમદાવાદ શહેર પૂર્વ પ્રમુખશ્રી નિરવ બક્ષી, શ્રી ચેતન રાવલ, આગેવાન શ્રી સતિષભાઈ પંડ્યા, શ્રી જગત શુકલ, શ્રી લાખાભાઈ રબારી, મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ અને પ્રવક્તા શ્રી ગીતાબેન પટેલ, શ્રી રત્ના વોરા, પ્રદેશ કોંગ્રેસ હેલ્થ કમીટીના ચેરમેનશ્રી ભીખુભાઈ દવે, મીડીયા પેનાલીસ્ટ શ્રી મુકેશ વિશ્વકર્મા સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ-આગેવાનો, સ્થાનિકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. સેવાદળના કાર્યકારી અધ્યક્ષશ્રી કિરણભાઈ પ્રજાપતિ અને સેવાદળના સૈનિકોએ ધ્વજવંદનના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

હેમાંગ રાવલ
મિડિયા કોર્ડીનેટર અને પ્રવક્ત